# દ્વિતિય વાર્ષિક પદવીદાન સમારંભ

બીજી ફેબ્રુઆરી, ૨૦૦૭

## દીક્ષાંત પ્રવચન




શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા

માનનીય મંત્રીશ્રી, ગુજરાત રાજ્ય


॥ कृषिमूलम् जगत सर्वम् ॥


જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી

જૂનાગઢ

## દીક્ષાંત પ્રવચન
## શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા
## માનનીય મંત્રીશ્રી
## કૃષિ અને સહકાર વિભાગ, ગુજરાત રાજય

મહામહિમ રાજયપાલશ્રી અને યુનિવર્સિટીના કુલાધિપતિશ્રી, આદરણીય શ્રી નવલકિશોર શર્માજી, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. બી. કે. કિકાણી, રાજયની અન્ય કૃષિ યુનિવર્સિટીઓના કુલપતિશ્રીઓ ડૉ. આર. પી. એસ. અહલાવત, ડૉ. આર. સી. મહેશ્વરી અને ડૉ. એમ. સી. વાર્શ્નેય, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના કુલસચિવશ્રી ડૉ. ડી. બી. કુછડિયા, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના નિયામક મંડળના સદસ્યશ્રીઓ, યુનિવર્સિટી અધિકારીશ્રીઓ, વિવિધ વિદ્યાશાખાના અધ્યક્ષશ્રીઓ, આજના આ યુનિવર્સિટીના દ્વિતિય પદવીદાન સમારંભમાં પદવી લેનાર સ્નાત્તક અને અનુસ્નાત્તક વિદ્યાર્થીઓ, યુનિવર્સિટીના વૈજ્ઞાનિકો, કર્મચારીઓ, વિદ્યાર્થીઓ, પ્રેસ –મિડીયા તથા અન્ય આમંત્રિત મહેમાનો, ભાઇઓ અને બહેનો.

જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના આ દ્વિતિય પદવીદાન સમારંભમાં મને ઉપસ્થિત રહેવાનું નિમંત્રણ પાઠવી કૃષિ પરિવારના વડા તરીકે આ સમારંભમાં દીક્ષાંત પ્રવચન આપવા સહભાગી બનાવી કૃષિ વિકાસ અંગેના કેટલાક મંતવ્યો રજુ કરવાની મને જે તક આપી છે તે બદલ સર્વપ્રથમ જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. બી. કે. કિકાણીનો હું હૃદય પૂર્વક આભાર માનું છું.

ભારત ખેતી પ્રધાન દેશ છે. આશરે ૬૪ ટકા જેટલી વસ્તી કૃષિ

આધારીત છે. રાષ્ટ્રના સકલ ઘરેલું ઉત્પાદનમાં કૃષિનો ૨૫ ટકા જેટલો ફાળો છે. ભૌગોલિક દ્રષ્ટિએ વિશ્વના કુલ વિસ્તારના આપણે ફક્ત ૨.૪ ટકા વિસ્તાર ધરાવીએ છીએ અને વિશ્વમાં સાતમા ક્રમે છીએ. તદ્ઉપરાંત આપણે વિશ્વના ૧.૮ ટકા ખેતીલાયક જમીન તથા ૨૩.૬ ટકા સિંચિત ક્ષેત્ર પણ ધરાવીએ છીએ. છેલ્લા ચાર દાયકાની પ્રગતિ જોઇએ તો આજે આપણે ખાદ્યાન્નની દ્રષ્ટિએ પગભર થઇ શકયા છીએ. પરંતુ વધતી જતી વસ્તીની સમસ્યા તથા બગડતી જમીનોનો વ્યાપ આપણા કૃષિ ક્ષેત્રના વિકાસને અવરોધતા રહ્યા છે. વર્તમાન સમયમાં જે ઝડપથી વસ્તી વધારો થઇ રહ્યો છે, તે જોતાં સને ૨૦૫૦ સુધીમાં આપણા દેશમાં વસતા લોકોને ૪૫ કરોડ ટન અનાજની જરૂરિયાત પડશે. એટલે કે જે અનાજનું ઉત્પાદન થાય છે તેના કરતા બમણાથી વધુ અનાજનું ઉત્પાદન કરવું પડશે. જે ખરેખર એક ભગીરથ કાર્ય છે.

છેલ્લા એક દાયકાથી કૃષિ વિજ્ઞાનમાં નોંધપાત્ર પરિવર્તન આવ્યું છે. કિસાનો પણ ક્ષણ અને કણનું મહત્વ સમજી ધન પ્રાપ્તિ દ્વારા સમૃધ્ધ બનવા પ્રયત્નશીલ બન્યા છે. સરકારે પણ આ માટે શિક્ષણ અને તાલીમના દ્વાર ખોલી સમૃધ્ધિ તરફના માર્ગને મજબૂત બનાવેલ છે. જેણે આ રાહ અપનાવ્યો છે ત્યાં સમૃધ્ધિ છલકાય છે. જેમણે આ રાહ નથી લીધો તેઓ પૂર્વવત્ સ્થિતિએ છે. પરંતુ સરકાર પ્રત્યેક કિસાનોને સમૃધ્ધિના માર્ગે લઇ જવા કટિબધ્ધ છે. આ સરકારની નેમ રાજયના દરેક ક્ષેત્રનો સરખો વિકાસ થાય અને દરેક ક્ષેત્રમાં કામ કરનારને વિકાસની સરખી તક મળે તે રહી છે. આઝાદી પછી ગુજરાત રાજય ઘઉંના ઉત્પાદનમાં રાજયની જરૂરિયાત માટે સ્વાવલંબન થયેલ છે. રાજય સરકારે વૈજ્ઞાનિકોની જહેમત અને ખેડૂતોની મહેનતના સમન્વયથી આ સિધ્ધિ હાંસલ થાય તેવી તમામ સગવડતાઓ અને નીતિઓ અપનાવેલ.છેલ્લા બે વર્ષની અંદર કૃષિના વિકાસ માટે જે કંઇ નૂતન અભિગમો ગુજરાત સરકારે અપનાવેલ છે તેનાથી આપ પરિચિત છો જ.

કૃષિ યુનિવર્સિટીઓમાં થયેલ સંશોધન કાર્ય ખેડૂતોના દ્વાર સુધી પહોંચી રહે અને ખેડૂતોની આવક બમણી થાય તે માટે માન. મુખ્યમંત્રીશ્રીએ **કૃષિ મહોત્સવ** નું અભિયાન હાથ ધરેલ, જે આપ સૌ કૃષિ વૈજ્ઞાનિકોએ પાર પાડી પ્રશંસનિય કામગીરી કરેલ છે. જે બદલ રાજય સરકાર વતી સર્વેને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું.

ગુજરાત સરકારે સોઇલ હેલ્થકાર્ડ, કૃષિ મહોત્સવ અને ખેડૂતોને સીધો જ લાભ થાય તેવી રૂા. ૧૫૦૦ કરોડની ટપક સિંચાઇ યોજના અમલમાં મુકેલ છે. આ ત્રણેય યોજના રાજય માટે ફક્ત શિરમોર સમાન નહીં પણ સમગ્ર દેશને કૃષિનો વિકાસ કેમ કરી શકાય તે માટે પથદર્શક છે. આઝાદી પછી આવા પ્રયત્નો દેશમાં કોઇ રાજયમાં થયેલ નથી. આમ ગુજરાત રાજયને આઝાદીની ચળવળથી માંડી કૃષિના વિકાસની ઘટના સુધી દેશમાં અગ્રસ્થાને રહેવાનું ગૌરવ પ્રાપ્ત થયેલ છે.

ગુજરાતની કૃષિનો વિકાસ ઝડપી બનાવવા માટે રાજયની જે એક યુનિવર્સિટી હતી તેનું અલગ ઝોન અનુસાર વિભાજન કરી ચાર નવી કૃષિ યુનિવર્સિટીઓ સ્થાપેલ છે. રાજય સરકારનો અભિગમ કિસાનોની આવક વધે તે માટે સતત રહ્યો છે. એટલું જ નહીં પરંતુ કિસાનોની આવક ગત કૃષિ મહોત્સવ–૨૦૦૫ માં પાંચ વર્ષમાં બમણી કરવાનું માન. મુખ્યમંત્રીશ્રીએ આહ્‌વાન પણ આપેલ છે. આ હકીકતોને ધ્યાનમાં લઇ ગુજરાતની ભૌગોલિક હવામાન પરિસ્થિતિ પ્રમાણે રાજયની ચારેય કૃષિ યુનિવર્સિટીઓની સ્થાપના કરેલ છે. કૃષિ યુનિવર્સિટીઓના વિકાસ થાય અને જે તે વિસ્તારમાં કૃષિ સંશોધન, શિક્ષણ અને વિસ્તરણની પ્રવૃત્તિઓ સતત વિકસતી રહે એ રાજય સરકારની નેમ છે.

રાજયની કૃષિ યુનિવર્સિટીઓમાં વિસ્તાર પ્રમાણે વિકાસ સંભવ

બને તે માટે ચારેય કૃષિ યુનિવર્સિટીઓમાં જે તે વિસ્તારના પાકો પ્રમાણે ''સેન્ટર ઓફ એકસેલેન્સ'' ફાળવેલ છે. જે અનુસંધાને આ યુનિવર્સિટીમાં ''સેન્ટર ઓફ એકસેલેન્સ ફોર સોઇલ એન્ડ વોટર મેનેજમેન્ટ'' કાર્યરત છે. અત્રે ''વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઇઝેશન સેલ (વિશ્વ વ્યાપાર સંગઠન કેન્દ્ર)'' સ્થાપી ખેડૂતોને કૃષિને લગતી વિવિધ માહિતીની જરૂર છે તે માટે કાર્યરત કરેલ છે. છેલ્લા બે વર્ષમાં રાજય સરકાર તરફથી પ્લાન યોજનાઓમાં ફાળવેલ બજેટ બે ગણું કરવામાં આવેલ છે. આ ઉપરાંત ત્રણ વર્ષની અંદર કોઇપણ વૈજ્ઞાનિકોની જગ્યાઓ કૃષિ યુનિવર્સિટીમાં ખાલી ન રહે તે માટે રાજય સરકારે તમામ વ્યવસ્થા કરી દીધેલ છે.

ગ્રામ્ય કક્ષાએ લોકોને રોજગારી અને આવક મેળવવા માટે પુરક ધંધા જેવા કે પશુ ઉછેર, ડેરી વ્યવસાય અને મત્સ્ય ઉછેર માટે પણ પ્રોત્સાહિત કરવાની જરૂર છે. ગુજરાતની સહકારી પ્રવૃત્તિઓની વિશ્વ કક્ષાએ નોંધ લેવાયેલ છે. આપણા રાજયમાં ૬૭.૮૬ લાખ ગાયો, ૫૨.૪૧ લાખ ભેંસો, ૨૦ થી ૨૫ લાખ ઘેંટા, ૪૨.૨૮ લાખ બકરા તેમજ ૧૩.૨૪ લાખ અન્ય પશુઓ છે. પરંતુ પશુઓની સંખ્યામાં થતો ઉત્તરોત્તર ઘટાડો એ નોંધનીય બાબત છે. ખાસ કરીને સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારમાં પશુઓની સંખ્યામાં નોંધનીય ઘટાડો જોવા મળેલ છે. તેના મુખ્ય કારણમાં ઓછા વરસાદને લીધે ઘાસચારા અને પાણીની અછત જવાબદાર છે. સરકાર દ્વારા ઘાસ બેંકો શરૂ કરવાનું પણ આયોજન કરવામાં આવેલ છે. જેથી દુષ્કાળ જેવા વર્ષમાં પણ વ્યાજબી ભાવે નિયમિત ઘાસચારો મળી શકે અને સૌરાષ્ટ્રમાંથી દક્ષિણ ગુજરાત તરફ માલધારીઓ અને પશુઓનું થતું સ્થળાંતર ઘટાડી શકાય.

ગુજરાત સરકાર દ્વારા છેલ્લા ત્રણ વર્ષથી જળ સંચયનો કાર્યક્રમ હાથ ધરેલ છે. જેનો લાભ ખેડૂતો સુધી પહોંચવાનું શરૂ થઇ ચૂકયું છે. જેના

પરિણામ સ્વરૂપે ખેડૂતો શિયાળુ પાક પણ લેતાં થયા છે. અત્યારનાં વૈશ્વિકરણના સમયમાં વિવિધ પાકોનું ગ્રેડીંગ અને પેકીંગની વ્યવસ્થા કરવાથી વૈશ્વિક બજારમાં ઉંચા ભાવો મેળવી શકાય છે. સૌરાષ્ટ્રમાં કેસર કેરી, ચીકુ, પપૈયા વિગેરેનો પ્રચાર અને દેશના વિવિધ ભાગોમાં ખાસ કાર્યક્રમ દ્વારા માર્કેટીંગ લોન્ચીંગ પ્રક્રિયા કરી યોગ્ય પોષણક્ષમ ભાવો પણ મેળવી શકાય. તેજ રીતે કપાસ, તેલીબિયાં, શાકભાજી તથા ફળ પાકોમાં ટપક પદ્ધતિથી સિંચાઇ કરવાથી ઓછા પાણીએ વધુ ઉત્પાદકતા અને ગુણવત્તાવાળું ઉત્પાદન મેળવી શકાય છે. તેના પરિણામ સ્વરૂપે પાણીનો બચાવ થવાથી સિંચાઇ હેઠળનો વિસ્તાર વધારી શકાશે તેમજ વીજળીની જરૂરિયાત ઓછા સમય માટે રહેવાથી તેમાં પણ ખર્ચ ઘટશે અને સરવાળે ખેડૂતોની આવકમાં પણ ખાસ્સો વધારો થશે.

આજે દિવસે દિવસે પાણીની તંગી સર્જાઇ રહી છે. એવા સંજોગોમાં વધુ પાણીની જરૂરિયાતવાળા પાકની જગ્યાએ ઓછા પાણીની જરૂરિયાતવાળા પાકો વાવવા જોઇએ જેમ કે સૌરાષ્ટ્ર–કચ્છમાં ઘઉં કે શેરડીની જગ્યાએ ફળપાકો તેમજ ક્ષેત્રિય પાકોમાં જીરૂ, ઇસબગુલ, વરિયાળી જેવા પાકો વાવવા જોઇએ. આધુનિક સિંચાઇ પદ્ધતિઓ જેવી કે સ્પ્રીંકલર અને ડ્રીપ પદ્ધતિ અપનાવીને તેને અનુરૂપ પાકને વાવવાથી તેમજ મલ્ચીંગનો ઉપયોગ કરી પિયત હેઠળ વધુ વિસ્તાર લાવી શકાય તેમ છે. તેજ રીતે દરિયાકાંઠાના વિસ્તારમાં નબળી ગુણવત્તા ધરાવતા પાણીથી વાવી શકાય તેવા ચીકુ, નાળિયેરી જેવા ફળપાકોની ખેતી કરવી જોઇએ. પ્રગતિશીલ અને આર્થિક સધ્ધર કિસાન ભાઇઓ ગ્રીન હાઉસ ટેકનોલોજી અપનાવીને મર્યાદિત પાણી અને ઓછા વિસ્તારમાંથી બે થી ત્રણ ગણું વધુ ઉત્પાદન મેળવી વળતરયુક્ત શાકભાજી, ફૂલો જેવા પાકોની ખતી કરી આવક વધારી શકાય તેવી ટેકનોલોજી કૃષિ યુનિવર્સિટી પાસે ઉપલબ્ધ છે.

ખેતીમાં ફળોનું ઘણું મહત્વ છે. ખેડૂતોની આર્થિક સ્થિતિ સુધારવા માટે ફળપાકોની ખેતી અગત્યનો ભાગ ભજવી શકે તેમ છે. ફળપાકોનું ઉત્પાદન અને વળતર તેટલી જ જમીનમાં કરેલ ધાન્ય પાકો કરતાં સામાન્ય રીતે ત્રણ ગણું વધારે હોય છે. સૂકા અને અર્ધસૂકા વિસ્તારોમાં રહેતા લોકોને ફળોની ખેતી માટે પ્રેરિત કરવાથી પડતર જમીનનો સદ્ઉપયોગ થશે અને તેઓની આર્થિક સ્થિતિમાં સુધારો આવશે. આ ઉપરાંત પર્યાવરણનું સંતુલન જાળવવામાં મદદરૂપ થશે. ખેડૂતોને પૂરતું વળતર મળી રહે તે માટે ફૂલોની નિકાસ અને પરિરક્ષણની સગવડો ઉભી કરવી જરૂરી છે.

જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીમાં છેલ્લા બે વર્ષની અંદર કુલ ૨૨ નવા પ્રોજેકટસ રૂા. ૭૧૮.૦૦ લાખના મંજુર થયેલ છે. આ માટે અભિનંદન આપું છું. છેલ્લા બે વર્ષની અંદર જે પ્રગતિ અત્રે થયેલ છે, તેમાં ઉલ્લેખનીય બાબતોમાં ''સેન્ટર ઓફ એકસેલન્સ, WTO સેલ'' ની સ્થાપના, ડિપ્લોમાં ઇન હોર્ટીકલ્ચરનો અભ્યાસક્રમ, બાજરા સંશોધન કેન્દ્ર, જામનગરની ઉત્તમ કામગીરી, કૃષિ વિજ્ઞાન કેન્દ્રોની સ્થાપના તેમજ શિક્ષણ, સંશોધન અને વિસ્તરણ માટે જે નવું ઇન્ફ્રાસ્ટ્રકચર બનાવેલ છે તે અગાઉ કદી આટલા ટૂંકા ગાળામાં જોવા મળેલ નથી. જેની હું સરાહના કરું છું.

આ તબક્કે હાલ કૃષિ ક્ષેત્રે વિશ્વસ્તરે નવા સમીકરણો ઉભા થયા છે જેથી એને અનુરૂપ સંશોધન કાર્ય થાય તે ખૂબ જ જરૂરી છે. જે માટે આપને (૧) કૃષિ ઉત્પાદનમાં મૂલ્ય વૃધ્ધિ કરી નિકાસની તકો ઉભી કરવી, (૨) જમીન અને પાણીનું યોગ્ય સંરક્ષણ, (૩) કૃષિ ઉત્પાદનમાં ગુણવત્તા, (૪) બાગાયતી ક્ષેત્રમાં ગુણવત્તા સભર રોગમુકત ફળો અને (૫) રોગમુકત ઉંચી ગુણવત્તા ધરાવતા બિયારણ અંગે સંશોધનને અગ્રીમતા આપવા સલાહ આપુ છું.

કૃષિ સ્નાતકો એ રાજયના કૃષિ વિકાસની ધુરા છે. તેઓ રાજયના વિકાસમાં અગ્રીમ ફાળો આપી શકે અને ખેડૂતનું જીવન ધોરણ સુધારી શકે તે બાબતથી સરકાર ખૂબજ સારી રીતે વાકેફ છે. છેલ્લા કેટલાય વર્ષોથી કૃષિ યુનિવર્સિટીમાં વૈજ્ઞાનિકોની નવી નિમણુંક થતી ન હતી તે શરૂ કરાવેલ છે. આથી કૃષિ સંશોધન અને શિક્ષણક્ષેત્રની માનવ સંસાધનની ખામી નિવારી શકાશે. કૃષિ સ્નાતકોને કામ કરવાની ગુજરાતમાં ઉત્તમ તકો છે.

આજની તકે પદવી મેળવનાર મારા યુવાન વિદ્યાર્થી મિત્રો, દેશમાં દશમી પંચવર્ષીય યોજના પૂર્ણ થવાના આરે છે. આ પંચવર્ષિય યોજનાના અંતમાં કૃષિ ક્ષેત્રનો વાર્ષિક વિકાસ દર ૨.૦ ટકા જેટલો રહેશે. જયારે ગુજરાતમાં છેલ્લા પાંચ વર્ષમાં કૃષિના વિકાસ દર ૧૨.૦ ટકા જેવો છે. ગુજરાતના આ કૃષિ વિકાસના દરે સમગ્ર દેશનું ધ્યાન ખેંચ્યું છે. જળસંચયના કામો થવાથી પિયત પાકોના વિસ્તારમાં ચાલું વર્ષે સારી એવી વૃધ્ધિ જોવા મળેલ છે. જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીનું ક્ષેત્ર અર્ધસૂકા વિસ્તારમાં આવતું હોવાથી અહીંની કૃષિ પેદાશો ઉત્તમ પ્રકારની છે. ગુજરાત ૩૦ કરતાં વધુ કૃષિ પેદાશોની ગુણવત્તા માટે દેશમાં આગવું સ્થાન ધરાવે છે. કૃષિ પેદાશોની મુલ્યવૃધ્ધિ અને નિકાસની સુવિધાઓ માટે ગુજરાત દેશમાં અગ્રીમ સ્થાને પહોંચેલ છે. બંદરોનો વિકાસ અને ગુજરાત સરકારની કૃષિ નીતિએ કૃષિ પેદાશોને આંતરરાષ્ટ્રીય વેપારની નવી ક્ષિતિજ પર લઇ ગયેલ છે. ગુજરાતનો યુવાન સાહસિકતા, વેપાર કુશળતા અને કૃષિના તલસ્પર્શી જ્ઞાન માટે આગવું સ્થાન ધરાવે છે. ગુજરાતમાં કૃષિ સ્નાતક અને અનુસ્નાતક માટે જે નવી તકો ઉભી થઇ છે તેની વાત કરીએ તો કૃષિ ઉત્પાદનમાં મુલ્યવૃધ્ધિ, બાગાયત ક્ષેત્રમાં ગુણવત્તા સભર, રોગમુકત ફળો અને રોગમુકત ગુણવત્તા ધરાવતા બિયારણ, આધુનિક સિંચાઇ પધ્ધતિ જેવી કે, સ્પ્રીંકલર અને ડ્રીપ પધ્ધતિઓ, દેશના વિવિધ ભાગોમાં ફળપાકોનો વ્યાપાર વગેરે માટે વિદ્યાર્થીઓને સાહસ, સિધ્ધિ અને ભવિષ્યના વિકાસ

માટેનું વિશાળ ફલક છે. આ બાબતોનો લાભ લેવા માટે આ તકે પદવી મેળવતા વિદ્યાર્થીઓને હું આહવાન કરૂં છું.

અંતમાં પદવી મેળવનાર તમામ સ્નાતક અને અનુસ્નાતક વિદ્યાર્થી મિત્રો રાજ્ય અને દેશની ખેતી વિકાસના પડકારો ઝીલી તેમાં યથાયોગ્ય ફાળો આપી તેઓએ મેળવેલ જ્ઞાનને સાર્થક બનાવશે તેવી અપેક્ષા રાખું છું. વધુમાં આપના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છા પાઠવું છું.

જયહિન્દ.............. ભારત માતાની જય.................